पंजाब नैशनल बैंक punjab national bank

...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બીઓ : સુરત ટ્રેડ હાઉસ શાખા (શોલ આઈડી : ૦૫૨૧૨૦) : ૧લો માળ, રીંગ રોડ, સુરત email: bo052120@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રીમતી સુખીયાદેવી નરાયણલાલ ચૌધરી (દેવાદાર), અને શ્રી નારાયણલાલ ચિમનરામજી ચૌધરી (સહ દેવાદાર) સરનામું : પ્લોટ નં.૨૪૨, મહાદેવ રેસીડેન્સી ૧, મોજે.બગુમરા, તા.પલસાણા, જી. સુરત અને પ્લોટ નં.૧૩૩ કેશવ પાર્ક સોસાયટી, ગોડાદરા, સુરત–૩૯૫૦૧૦ અને શ્રી પારસમલ પુખારામ ચૌધરી (જામીનદાર) સરનામું : પ્લોટ નં.૩૫૯, વ્રજધામ સોસાયટી ભાગ ૨, કેસરભવાની સોસાયટી નજીક, ગોડાદરા, સુરત–૩૯૫૦૧૦.** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વર્ગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો /જામીનદાર ના નામ અને ખાતા નંબર	સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તા.૩૦.૦૯.૨૦૨૬ મુળ + વ્યાજ + અન્ય ચાર્જીસ સહીત)
૧	**શ્રીમતી સુખીયાદેવી નરાયણલાલ ચૌધરી (દેવાદાર), અને શ્રી નારાયણલાલ ચિમનરામજી ચૌધરી (સહ દેવાદાર) શ્રી પારસમલ પુખારામ ચૌધરી (જામીનદાર) હાઉસિંગ લોન ખાતા નં.375000NT00000056**	**મોર્ગેજ સ્થાયી મિલકત–૧ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે મહાદેવ રેસીડેન્સી–૧' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં.૨૪૨, ગામના ફોર્મ નં.૭/૧૨ મુજબ માપ ૪૦.૧૮ ચો.મી ના વણવહેચાયેલ હિસ્સા આશરે ૨૭.૬૬૦૮ ચો.મી સીઓપી અને કોમન રોડ જમીન નવો બ્લોક નં.૬૭/એ (જૂનો બ્લોક નં.૬૭/એ, ૬૯, ૭૦, ૭૧ અને ૭૨) મોજે ગામ.બગુમરા, તા. પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ :** જોડેનો ૭.૫૦ મીટર રોડ, **પશ્ચિમ તરફ :** જોડેનો પ્લોટ નં.૨૪૫, **ઉત્તર તરફ :** જોડેનો પ્લોટ નં.૨૪૧, **દક્ષિણ તરફ :** જોડેનો પ્લોટ નં.૨૪૩.	૦૫.૧૦.૨૦૨૬	૨૮.૦૯.૨૦૨૬	રૂા. ૯,૫૩,૩૪૩.૩૩/–

ઉપરોક્ત દેવાદાર(રો) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૫.૧૦.૨૦૨૬ સ્થળ : સુરત

અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

સચિન GIDCમાંથી ૨ લાખના ગાંજા સાથે ઓરિસ્સાના બે યુવક પકડાયા

સુરત : સચિન જીઆઈડીસી પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે રોડ નંબર આઈ/૭ પર ખાતા નંબર આઈ/૧૫૫ની સામે જાહેર રસ્તા પર ગાંજાનો જથ્થો વેચાણ માટે રાખવામાં આવ્યો હોવાની બાતમી મળી હતી. તેના આધારે પોલીસે દરોડો પાડી ગોલુ ચંદ્રશેખર રાય (ઉં.વ. ૨૪, રહે. સચિન જીઆઈડીસી, મૂળ ઉત્તર પ્રદેશ) અને આકાશકુમાર રામચંદ્ર સાહ (ઉં.વ. ૨૩, રહે. પાલીગામ, મૂળ બિહાર)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે બંને પાસેથી ૨ લાખની કિંમતના ૪.૦૧૫ કિલોગ્રામ ગાંજા ઉપરાંત મોબાઈલ ફોન, મોટરસાઈકલ અને અન્ય સામગ્રી મળી કુલ રૂપિયા ૨,૪૮,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પૂછપરછમાં આરોપીઓ ઓડિશાના ગંજામના એક અજાણ્યા શખ્સ પાસેથી ગાંજો ખરીદીને સુરત લાવ્યા હોવાનું જાણવા મળ્યું હતું. આ ગુનામાં આદિત્ય રામઅવતારસિંહ રાજપૂત, રાજેન્દ્ર બાબુલાલ શાહુ, મધુ જોગી શાહુ અને ગંજામનો એક અજાણ્યો શખ્સ વોન્ટેડ છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઓફલાઇન જાહેર નિવિદા નં. ૦૪ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, ગોધરા વિદ્યુત (મા અને મ) પેટા વિભાગ ઈંડિયન રેડક્રોસ સોસાયટીની બાજુમાં, ગોધરા સિવિલ લાઇન, ગોધરા-૩૮૯૦૦૧ ટેલીફોન નં.૦૨૬૭૨-૨૪૮૪૦૦ ની કચેરી દ્વારા વીજળીકરણના અ.નં.૧ થી ૯ ના કામ કે જેની અંદાજિત રકમ બત્રીશ હજાર થી નવાણું હજાર સુધી છે. તે માટે રજીસ્ટર્ડ થયેલ ઇ-૨ અને ઉપરના વર્ગ તથા કામના નિષ્ણાત પાસેથી સીલબંધ ટેન્ડર રજી.પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટથી મંગાવવામાં આવે છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૧૬/૧૦/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક સુધી આપવામાં આવશે, જ્યારે ભાવ ભરેલા સીલબંધ ટેન્ડર પરત લેવાની તા. ૨૩/૧૦/૨૦૨૬ સમય ૧૬:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. આ કામોની વિગતવાર નોટીસ, નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીના રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી.

(માહિતી/ગોધરા/૫૬૨/૨૬)

SURAT MUNICIPAL CORPORATION
NEW EAST (SARTHANA) ZONE
SHORT E TENDER (ONLINE)
INVITATION NOTICE
(ONLINE) NO. DMC/NEZ/11/2026-2027

FIT INDIA

Tender for invited for various Dept. Works On line on web site https://smctender.nprocure.com from Government Approved Contractor with following schedule.

S.N.	Name of the Dept	Road Dept.	Housing Dept.	Total Work	Total Est.Cost Rs. (Lac)
01	No. of Work	02	02	04	3840-44

The detail tender Notice will be made available on website (Visit Us www.suratmunicipal.gov.in).

No. PRO/285/2026-27 **Deputy Municipal Commissioner (D)**
Date. 14/10/2026 **Surat Municipal Corporation**

DGVCL

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Pandesara Division
Opp. Batliboi Company, Surat Navsari Road,
Pandesara, Surat-395023
DGVCL Toll Free No.: 19123 (or 1800 233 3003)

Tender

Tenders (ID Nos. 353954, 353935, 353898, 353884, 353920, 232270, 232304, 232385, 232402, 352955 and 232453) are invited for the hiring of an articulated hydraulic elevating platform mounted on a vehicle for Godadara, Dindoli, Devadh, Udhana Rural, Udhana-01, Udhana-02, Udhana-03, Pandesara and Pramukh Park Industrial Sub-Divisions and for providing FRP fencing around Distribution Transformer Centres at various locations under the jurisdiction of Devadh and Godadara Sub-Divisions of Pandesara Division. Vendors may visit https://tender.nprocure.comfor view, download and online submission of tenders.

EE (O&M), Pandesara Division, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

---

ધી સુરત ડિસ્ટ્રક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.

વર્ષ ૨૦૨૭ માટેના કેલેન્ડર, દિપાવલી શુભેચ્છા, કર્મચારીઓ માટે સ્મૃતિભેટ અને બેંકના સભાસદો માટે સ્મૃતિભેટ આપવા બાબત.

બેંકની Website: www.sudico.bank.in ઉપર ટેન્ડર હેડ અન્વયેની વિગતે બેંકના સને ૨૦૨૭ ના કેલેન્ડર, દિપાવલી શુભેચ્છા, સ્ટાફ કર્મચારીઓ માટે સ્મૃતિભેટ અને બેંકના સભાસદો માટે સ્મૃતિભેટ અંગેના ભાવ મંગાવવામાં આવે છે.

તા. ૧૫/૧૦/૨૦૨૬ **મેનેજિંગ ડિરેક્ટર**

જાહેર નિવિદા - ૧૧ સને ૨૦૨૬-૨૭
માર્ગ અને મકાન વિભાગ

ગુજરાત રાજ્યનાં માન.રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેર, મહીસાગર મા. અને મ. વિભાગ, મુ. લુણાવાડા, કોટેજ હોસ્પીટલની બાજુમાં, પીનકોડ - ૩૮૯૨૩૦, જી.મહીસાગર ફોન નં.(૦૨૬૭૪) ૨૫૦૪૮૬ દ્વારા નીચે દર્શાવ્યા મુજબના કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

ક્રમ	કામનું નામ	અંદાજીત કિંમત (રૂ. લાખમાં)
૧	વાઈડેનીંગ એન્ડ સ્ટ્રેન્ધનીંગ ઓફ દેવ - પાંડવા - ઘોરીડુંગરી - નુરપુર - વિરપુર - ગંધારી રોડ કિ.મી.૨૮/૨૦૦ થીદ૬/૬૦૦ જિ.મહીસાગર ઈન ધી સ્ટેટ ઓફ ગુજરાત (સીઆરઆઈએફ વર્ક)	રૂ. ૯૯૫૫.૭૯

ઉપરોક્ત કામ માટેનું ટેન્ડર વેબસાઈટhttps://rnbtender.nprocure.com પર તા.૦૨/૧૧/૨૦૨૬, ૧૬:૦૦ કલાક સુધીમાંઉપલબ્ધ રહેશે.

વધુમાં કામોની માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના કામના દિવસોમાં રૂબરૂ સંપર્ક સાધી શકાશે. ટેન્ડર બાબત અંગેના કોઈપણ સુધારા વધારા ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

(માહિતી/ગોધરા/૫૬૦/૨૬)

વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

ઇ– ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

અ.નં.	પી.આર.ઓ. નંબર	વિભાગનું નામ	કામની સંખ્યા	અંદાજિત રકમ
૧	૪૮૬/૨૬-૨૭	પ્રેસ વિભાગ	૦૧	33,53,000/–
૨	૪૮૮/૨૬-૨૭	ડ્રેનેજ–વ.ગ. પ્રોજેક્ટ	૦૧	૭,૦૬,૩૨,૧૦૦/–
3	૪૮૯/૨૬-૨૭	પાણી પુરવઠા શાખા	૦૧	૨,૦૦,૦૦,૦૦૦/–
૪	૪૯૩/૨૬-૨૭	સ્ટ્રીટલાઈટ વિભાગ	૦૨	૪,૫૯,૮૭,૬૪૫/–
૫	૪૯૪/૨૬-૨૭	મિકેનિકલ શાખા	૦૧	૮૦,૦૦,૦૦૦/–
૬	૪૯૫/૨૬-૨૭	ઇલે.મિકે. સુવેજ	03	૧,૨૦,૮૭,૫૦૪/–
૭	૪૯૬/૨૬-૨૭	ડ્રેનેજ–વ.ગ. પ્રોજેક્ટ	૦૬	૧૩,૧૨,૫૦,૦૦૦/–

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઈટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૪૯૮/૨૦૨૬-૨૭ **જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત**

ઈ-ઓક્શન જાહેરનામું વન વિભાગ ગુજરાત રાજ્ય
નર્મદા વન વિભાગ-વન્યપ્રાણી વર્તુળ વડોદરા

આથી સાગી/ઈમારતી તેમજ જલાઉ માલ ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનું કે, નર્મદા વન વિભાગનાં સેન્ટ્રલ ડેપો દેડીયાપાડામાં આવેલ ગુનાકામના માલ તથા એક/બે વાર હરાજી થયેલ માલકી માલની તાઃ૦૨/૧૧/૨૦૨૬ ના રોજ ઈ-ઓક્શન રાખવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા વિનંતી છે.

ઉપરોક્ત ઈ-ઓક્શનમાં ભાગ લેવા હરાજીની શરતો તેમજ મુકવામાં આવેલ સાગી/ઈમારતી/ઈંજાયલી તેમજ જલાઉ માલની લોટવારી સંપુર્ણ માહીતી http://forestauction.nprocure.com વેબસાઈટ પરથી જાણી/મેળવી શકાશે.

રાજપીપલા **નાયબ વન સંરક્ષક**
તા.૧૩/૧૦/૨૦૨૬ **નર્મદા**

માહિતી/નર્મદા/૩૨૬/૨૦૨૬-૨૭

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઝોન-એ (ઉધના)
ટેન્ડર નોટીસ નં. ડી.એમ.સી./સા.ઝોન-એ/ ૦૮ /૨૦૨૬-૨૭

FIT INDIA

કામનું નામઃ	સાઉથ ઝોન-એ (ઉધના) વિસ્તારમાં ટી.પી. રોડ પર આવેલ ચેનેલાઈઝર/ હોર્ટીકલ્ચર અને લેન્ડસ્કેપીંગની કામગીરી લોકભાગીદારી/ સ્પોન્સરશીપ/એડોપ્શન/ કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સિબ્લીટી (સીએસઆર)થી વાર્ષિક ધોરણે પ્રિમીયમ ભરી વિકસાવવાનું કામના હક્કો મેળવવા બાબતે ઓનલાઈન સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. (કુલ રોડ ચેનેલાઈઝરની સંખ્યા ૦૧)

ડેપ્યુટી મ્યુ.કમિશ્નર
નં. પી.આર.ઓ./૨૮૭/૨૦૨૬-૨૭ સાઉથ ઝોન-એ (ઉધના)
તારીખ :- ૧૪/૧૦/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

Surat Municipal Corporation
Solid Waste Management

Online Quotation Notice No. SWM/DMC/14/2026-27

Online Quotations are invited on www.suratmunicipal.gov.in for the various works of Solid Waste management, from the various Agency.

1	Name of the department	Solid Waste management
2	No of the works	01
3	Total Estimated cost of quotation Rs. in Lacs	-

The detail tender notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in.

P.R.O. No./291/2026-27 Deputy Commissioner
Dt. 14/10/2026 Surat Municipal Corporation

જાહેર હરાજી

તા.28/07/2026 ના રોજ રાત્રે ડ્યૂટી દરમિયાન સેન્ટ્રલ મોબાઇલ સ્કવોડ, અમદાવાદ તરફથી મળેલ એલર્ટના આધારે સુરત રેલવે સ્ટેશન પર ઉતારેલ પાર્સલની ચકાસણી કરતા બિલ કે ઈ-વે બિલ વિનાના 39 પાર્સલમાં પાન-મસાલા અને તંબાકુ મળેલ. તા.03/08/2026 ના રોજ સુરત રેલવે સ્ટેશનના સક્ષમ સત્તાધિકારી દ્વારા સદર માલ રાજ્ય વેરા વિભાગને હસ્તગત કરેલ. આગળની કાર્યવાહીના ભાગરૂપે MOV-1 & MOV-2 આપી અટકાયત કરેલ, અને તેમાં ભરેલ માલની ભૌતિક ચકાસણી કરેલ. જે મુજબ NAVI CHEWING TOBACCO - 328320 POUCH, SHUDH PLUS PREMIUM PAN MASALA - 328320 POUCH, MAHAK CHAINI TOBACCO - 29070 POUCH, MAHAK CHAINI PREMIUM FILTER POUCH - 36900 POUCH જથ્થો મળી કુલ રૂ.27,15,030 નો માલ મળી આવેલ. MOV-06 આપી માલને ડીટેન કરવામાં આવેલ તથા નોટીસ આપ્યા બાદ તથા ઓર્ડર કર્યા બાદ પણ કોઇ રજૂઆત ન આવતા તથા ઓર્ડર સામે નાણાની ચુકવણી ન થતા આ વાહનમાં ભરેલ માલ હાલ રાજ્યશાત છે. જે માલ SGST Act-2017 અને CGST Act-2017ની કલમ-130 અન્વયે જપ્ત કરવામાં આવેલ.

સદર માલની જાહેર હરાજી તા.22/10/2026 ના રોજ બપોરે 12:00 કલાકથી સાંજે 17:00 કલાક દરમિયાન આયોજિત થનાર છે.

હરાજી અંગેની વિગતો રાજ્યવેરા વિભાગની વેબસાઇટ www.commercialtax.gujarat.gov.in તથા (n)Code Solution ની વેબસાઇટ https://e-auction.nprocure.com પર જોઇ શકાશે. (n)Code Solution નો હેલ્પલાઇન નંબર (Toll Free: 7359021663) છે.

ઓનલાઇન જાહેર હરાજી ઇ-ઓક્શન ની પ્રક્રિયાથી થનાર હોઇ ભાગ લેનારે પોતાનું DIGITAL SIGNATURE CERTIFICATE (DSC) મેળવી લેવાનું રહેશે. જેના માટે GNFC Ltd. - IT Business - 14th Floor, Tower One, Road 5C, Zone 5, GIFT City, Gandhinagar - 382355, Gujarat, India. Phone: (079) 66743 289329, Sales: dscsales@ncode.in, Support: dscsupport@ncode.in, dscsupport1@ncode.in ખાતે સંપર્ક કરવાનો રહેશે અન્યથા હરાજીમાં ભાગ લઇ શકાશે નહી.

સ્થળ: સુરત
તારીખ: 15/10/2026

એન. વી. દેસાઈ
રાજ્ય વેરા અધિકારી (3)
મોબાઇલ સ્ક્વોડ (અન્વેષણ),
વિભાગ-૭, સુરત
મો. 9714396525

ક્રમાંક . માહિતી-સુરત/ ૭૪૪ /૨૦૨૬

ઓનલાઈન ઈ-ટેન્ડર
જાહેર નિવિદા નંબર : ૦૯/૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યનાં વ્યારા વન વિભાગ વ્યારા હેઠળની ખેરવાડા, મલંગદેવ, નેશુ પશ્ચિમ, સાદડવેલ, ઉનાઈ, વાજપુર તથા વ્યારા રેંજનાં કાર્ય વિસ્તારમાં જુદી જુદી યોજના તથા પ્રોજેક્ટો હેઠળ કરવાના થતા રૂા. ૫.૦૦ લાખથી નીચેનાં બાંધકામોમાં સિવિલ કામગીરી માટેનાં કામો કરવા માટે એજન્સી નક્કી કરવા ઈ-ટેન્ડર દ્વારા ભાવો મંગાવવામાં આવે છે.

અ.નં.	વિગત	અંદાજીત રકમ	ટેન્ડર ફી
1	Matter of appointing Agency for Civil Works below Rs 5.00 lakh in Kherwada, Malangdev, Nessu West, Sadadvel, Unai, Vajpur and Vyara Range of Vyara Forest Division-Tapi	બજેટની ઉપલબ્ધતાના આધારે	રૂા. ૨૪૦૦/- (રૂપિયા બે હજાર ચારસો રૂપિયા પુરા)
2	ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	તા. ૦૨-૧૧-૨૦૨૬, સમયઃ ૧૮-૦૦ કલાક સુધી.	
3	ટેન્ડર ફી-બાનાની રકમ તેમજ જરૂરી દસ્તાવેજો રૂબરૂ/આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલવાની છેલ્લી તારીખ.	તા. ૦૫-૧૧-૨૦૨૬ નાં રોજ બપોરે ૧૪-૦૦ કલાક સુધી (બંધ કવર ઉપર ઈજારદારે પોતાનું નામ તથા સરનામું, મોબાઈલ નંબર સહીતની વિગત પુરેપુરી લખવાની રહેશે. બંધ કવર ઉપર ટેન્ડર આઈડી નંબર ફરજીયાતપણે દર્શાવવાનો રહેશે.) જો આપેલ સમયમર્યાદામાં ટેન્ડર ફી તથા ઈએમડીનાં ડ્રાફ્ટ તેમજ ટેક્નીકલ બીડમાં જણાવ્યા મુજબનાં અન્ય સાધનિક દસ્તાવેજોનું સીલબંધ કવર મળશે નહિ તો તેવા ઈજારદારોની ઓનલાઈન બીડ ખોલવામાં આવશે નહિ. જેની ખાસ નોંધ લેવી.	
4	ટેન્ડર ખોલવાની સુચિત તારીખ-સમય અને સ્થળ	ટેન્ડર શક્ત હશે તો તા. ૦૬-૧૧-૨૦૨૬ નાં રોજ બપોરે ૧૬-૦૦ કલાકે વિભાગીય કક્ષાની કમિટી રૂબરૂ નાયબ વન સંરક્ષકશ્રી વ્યારા વન વિભાગ વ્યારાની કચેરીએ ખોલવામાં આવશે.	
5	ટેન્ડર મોકલવાનું સરનામું.	નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, સયાજીરાવનાં પુતળા પાસે, ટાવર રોડ, વ્યારા, તા. વ્યારા જિ.તાપી પીનકોડ-૩૯૪૬૫૦. ફોન નં- ૦૨૬૨૬-૨૨૨૦૧૯ ફેક્સ નં- ૦૨૬૨૬-૨૨૨૩૩૯ Email ID-dcfvyara1@gmail.com	
6	ટેન્ડર નોટીસની વિગત દર્શાવતી વેબસાઈટ	https://tender.nprocure.com	

ટેન્ડર મંજુર / નામંજુર કરવાની તમામ સત્તા નાયબ વન સંરક્ષકશ્રી વ્યારાની રહેશે. વધુ વિગત માટે ઉક્ત જણાવેલ વેબસાઈટ તેમજ નાયબ વન સંરક્ષકશ્રી વ્યારા વન વિભાગ નો સંપર્ક સાધવા વિનંતી છે.

નાયબ વન સંરક્ષક
વ્યારા

ક્રમાંકઃ માહિતી-સુરત/૭૪૩/૨૦૨૬

તા.૯/૮/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અને ગુજરાતદર્પણ, સુરત માં એડવોકેટ હીના કે. પરમાર એ તેમના અસીલ ફીરોઝ બશીરભાઈ વાડીયા તર્ફે ડીસ્ટ્રીકટ સુરતના સીટી સર્વે વોર્ડ: ડુમસ ના સીટી સર્વે નં.૨૮૦ થી નોંધયેલી મીલકત (જેનો જુનો ગ્રામ પંચાયત મીલકત નંબર : ૧૦૬૦ છે) તે મીલકત બાબતે જે જાહેર ચેતવણી પ્રસિધ્ધ કરાવેલ છે તે જાહેર ચેતવણી અંગે જાહેર જવાબ તથા સત્ય હકીકત જાહેર કરતો જાહેર ખુલાસો

હમોએ **ફીરોઝ બશીરભાઈ વાડીયા** ના લાભમાં ફકત અને ફકત વહીવટી કાર્યો કરવા માટે નીચે મુજબના પાવરો લખી આપેલ છે. જે પાવરો પૈકી હમો નં. **(૧) અબ્દુલ ગની મામુદી પટેલ** એ આપેલ પાવર **MISS FIONA ELIZABETH WILSON NOTARY PUBLIC** સમક્ષ તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ નોટરાઈઝડ થયેલ છે. જે સબ રજીસ્ટ્રાર શ્રી સુરત-૧ (અઠવા) ની કચેરીમાં અનું. નં. ૧૧૯૩૦ થી તા.૦૮-૦૮-૨૦૨૫ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે. જયારે હમો નં. (૨) **સોફીયા હારૂન પટેલ** એ આપેલ પાવર **MISS FIONA ELIZABETH WILSON NOTARY PUBLIC** સમક્ષ તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ નોટરાઈઝડ થયેલ છે. જે સબ રજીસ્ટ્રાર શ્રી સુરત-૧ (અઠવા) ની કચેરીમાં અનું. નં. ૧૧૯૨૭ થી તા.૦૮-૦૮-૨૦૨૫ ના રોજ રજીસ્ટર્ડ થયેલ છે.

ખરી હકીકતમાં, હમોએ મજકુર **ફીરોઝ બશીરભાઈ વાડીયા** ના લાભમાં પાવર ઓફ એર્ટનીના લેખ સીવાય હરકોઈ પ્રકારના હરકોઈ લેખ, સોગંધનામા, સંમતી કે કબુલાતો લખી આપેલ ન હતી કે નથી કે તેમ કરવા હમોએ તેમને કોઈ સત્તા આપેલ નથી કે હમોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મજકુર મીલકત બાબતે કોઈ પ્રકરણ કરેલ નથી. અને તેમ છતાં જો તેઓએ તેવા હરકોઈ વ્યવહારો, લખાણો, કરારો, કબુલાતો કરેલ કરાવેલ હોય તો તે આથી હમો રદબાતલ કરીએ છીએ.

હમોની મજકુર મીલકત બાબતે હાલ હમોના મજકુર પાવરદારની દાનત ભ્રષ્ટ થયેલ હોય જેથી હમોએ તેમને આપેલ મજકુર પાવર ઓફ એર્ટનીના લેખનો દુરૂપયોગ કરી રહેલ છે. જેથી આ જાહેર નોટીસ થકી મજકુર પાવર ઓફ એર્ટનીનો લેખ આજરોજ તાત્કાલીક અસરથી રદ કરીએ છીએ. અને આ સાથે હમોએ તેમને વ્યકિતગત રીતે તે અંગેની નોટીસ પણ મોકલી આપેલ છે.

ખરી હકીકતમાં હમોની મજકુર મીલકત મજકુર **સીટી સર્વે નં. ૨૮૦,** જેનું કુલ ક્ષેત્રફળ ૭૪૧.૦૭ ચો.મી. જે પૈકી ૫૧૭.૪૮ ચો.મી. જમીનની માલીકી હમો તથા અન્ય ત્રણ સહમાલીકોની ચાલી આવેલ છે જે અંગેની જાણ હમોના મજકુર પાવરદારને હોવા છતાં તેઓએ ખોટી રીતે આખેઆખી યાને ૭૪૧.૦૭ ચો.મી. જમીન ના હમો માલીક હોય તે રીતે નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે. જે ગેરવ્યાજબી, ખોટું અને અન્ય માલીકો સાથે નાહકની તકરાર ઉપસ્થિત કરનારૂ છે.

સબબ, આથી જાહેર જનતાને આથી જાણ કરવામાં આવે છે કે, હમોના મજકુર પાવરદારે ફકત અને ફકત મજકુર નોટીસ પ્રસિધ્ધ કરાવી હમોની મીલકતને કાયદાકીય ધુંચમાં નાંખવા, ટાઈટલને નુકશાન પહોંચાડવા અને તકરારોમાં ઉત્તરોતર વધારો કરવા અને જાહેર જનતાને ગેરમાર્ગે દોરી નાણાં કઢાવવા માટેના ગુનાઈત કાવતરા રૂપે કરેલ છે. જેથી આવી ખોટી, બેબુનિયાદ અને ગેરમાર્ગેદોરતી જાહેર નોટીસ થકી જાહેર જનતાએ ગેર માર્ગે દોરાવુ નહિ અને હમોના મજકુર પાવરદાર સાથે કોઈપણ પ્રકારના વ્યવહારો મજકુર મીલકત બાબતે કરવા કરાવવા નહી અને જો તેવા વ્યવહારો કરશે કરાવશે તો તે હમોને બંધનકર્તા રહેશે નહી. અને તેમને તકરાર સીવાય કાંઈ પ્રાપ્ત થશે નહી. સબબ, કોઈપણ વ્યકિતએ આવા વિવાદથી બચવા મજકુર મીલકત બાબતે કોઈ વ્યવહાર કરવા નહી.

નિર્દોષ વ્યકિતઓ જાણે અજાણે વિવાદનો ભોગ બની ન જાય તેવા શુભઆશયથી આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવામાં આવે છે જેની સર્વેએ નોંધ લેવી.

(૨) સોફીયા હારૂન પટેલ

સ્થળ : પ્રેસ્ટન, યુ.કે.
આજ રોજ તા. ૬/૧૦/૨૦૨૬ ના રોજ
અમોએ સહી કરી આપી

(૧) અબ્દુલ ગની મામુદી પટેલ

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૨૬ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોનનં ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા ૦૪ રસ્તા ને લગતા કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી તથા યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૧૬૨.૦૬ લાખ થી ૪૫૫.૦૫ લાખની વચ્ચેની છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૦૨/૧૧/૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૩૨૭/૨૦૨૬-૨૭

DGVCL

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Regd. & Corp. Office : 'Urja Sadan',
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited for "Construction of Sports Complex and Tennis Court for Public Use at Officers Colony, Valsad under CSR 2026-27 Initiative by DGVCL". Tender is put up on www.dgvcl.com (For view & download) and http://tender.nprocure.com (For view, download and online submission).

Sr. No.	Tender No.	Estimated Cost
1	DGVCL/Corp./Civil/CSR/Sport/2026-27/320	Rs.90,11,071.67 (Including GST)

Note: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. **ACE (P), DGVCL, Surat.**

સુરત મહાનગરપાલિકા
જાહેરનામું

FIT INDIA

આથી હું રાજકુમાર બેનિવાલ (આઈ.એ.એસ.) કમિશનર, સુરત મહાનગરપાલિકા, સુરત સને ૧૯૪૯ ની ગુજરાત પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટની કલમ-૨૩૬ (૧) (૨) થી મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે, સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઝોન-બી (કનકપુર) વિસ્તારમાં સચીન-નવસારી મેઈન રોડ પર આવેલ સાતવલ્લા રેલ્વે ઓવર બ્રીજના વેરીંગ કોટ બદલવાની કામગીરી કરવામાં આવનાર હોવાથી જાહેર જનતાનાં જાનમાલની સલામતીના હેતુસર સદર સાતવલ્લા રેલ્વે ઓવર બ્રીજને તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૦૩/૨૦૨૭ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે બંધ કરી કામગીરી કરવામાં આવનાર છે.

સદર સમયગાળા દરમ્યાન જાહેર જનતાનાં જાનમાલની સલામતી જળવાઈ રહે તથા ટ્રાફીક નિયમન સરળતાથી થઈ શકે તે હેતુસર, તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે નીચે જણાવ્યા મુજબના ડાયવર્ઝન રૂટ ઉપયોગ કરી શકાશે.

❖ સાતવલ્લા રેલ્વે ઓવર બ્રીજ બંધ હોય તે સમય દરમ્યાન નવા રેલ્વે ઓવર બ્રીજનો આવતા અને જતા બંને તરફના ટ્રાફિકના વાહન-વ્યવહાર માટે ઉપયોગ કરી શકાશે.

સદર કામગીરી તા.૧૫/૧૦/૨૦૨૬ થી તા.૦૨/૦૩/૨૦૨૭ સુધીનાં સમયગાળામાં કરવામાં આવનાર છે. વધુમાં, સદરહું કામગીરી બાકી રહેથી જાહેરનામું લંબાવવામાં આવશે તથા જો કામગીરી વહેલી પુર્ણ થયેથી બીજી જાહેરાત વિના સદર બ્રીજ ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવશે. સદર જાહેરનામાનાં ભંગ બદલ શિક્ષાત્મક પગલા લેવામાં આવશે તથા ભંગ બદલ થયેલ નુકશાની માટે જે તે વ્યકિત જવાબદાર રહેશે.

સદર કામગીરી દરમ્યાન નાગરિકોને સહકાર આપવા વિનંતી.

નં. પી.આર.ઓ./૨૮૯/૨૦૨૬-૨૭ કમિશનર
તારીખ :- ૧૪/૧૦/૨૦૨૬ સુરત મહાનગરપાલિકા

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

પુણા કુંભારીયા શાખા : પ્લોટ નં. ૧૨–૧૩, ટાટા મોટર્સ ઓટો પોઈન્ટ નજીક, મુ.મગોબ, તા.ચોર્યાસી, જી.સુરત–૩૯૫૦૧૦ ફોન : ૦૨૬૧–૨૬૪૦૦૨૯, ૨૬૪૦૦૩૦ Email : punsur@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, મેસર્સ ડિવાઈન એન્ટરપ્રાઈઝ એક માલિકીની પેઢી
માલિક– શ્રી ભાવેશ જીવરાજભાઈ પાનસુરીયા
સરનામું : પ્લોટ નં.૫૭, ઓલપાડ જીઆઈડીસી, ઓલપાડ, સુરત–૩૯૫૫૪૦.
મિલકતનું સરનામું : દુકાન નં.એસ–૫ ૪થો માળ, શિવ કાર્તિક એન્કલેવ, મોજે ગામ.વેસુ, તા.મજુરા (સુરત સીટી), જી.સુરત–૩૯૫૦૦૭
સરનામુંઃ ફ્લેટ નં.એ–૧૦૬, સોમનાથ એપાર્ટમેન્ટ, સુંદરવન સોસાયટી, પુણાગામ (પુણા), સુરત, ગુજરાત–૩૯૫૦૧૦.

મહેરબાનશ્રી,

સંદર્ભ: સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ અધિનિયમ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ મેસર્સ ડિવાઈન એન્ટરપ્રાઈઝ એક માલિકીની પેઢી – માલિક– શ્રી ભાવેશ જીવરાજભાઈ પાનસુરીયા એ અમારી પુણા કુંભારીયા શાખા, સુરત માંથી મેળવેલ ક્રેડીટ સુવિધા ના સંદર્ભમાં નોટીસ.

અમારા **તા.૨૦/૦૬/૨૦૨૫** ના રોજના પત્ર ક્રમાંક : **BOB/PUNSUR/ADV/2025-26** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડિટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોક્ત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીક્યુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. ક્રેડીટ સુવિધા માં સીક્યુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

૧	સુવિધાનો પ્રકાર	ટર્મ લોન ખાતા નં. ૩૫૬૪૦૬૦૦૦૦૭૦૬૫	કેશ ક્રેડિટ લોન ખાતા નં. ૩૫૬૪૦૬૦૦૦૦૦૨૮૨
૨	ક્રેડિટ સુવિધા મંજૂર મર્યાદા (રૂ.માં)	રૂા. ૭૩,૫૦,૦૦૦.૦૦/–	રૂા. ૨૫,૦૦,૦૦૦.૦૦/–
૩	વર્તમાન વ્યાજ દર	૯.૦૦ % વાર્ષિક માસિક ગણતરી મુજબ	૯.૦૦ % વાર્ષિક માસિક ગણતરી મુજબ
૪	૦૧/૧૦/૨૦૨૬ ના રોજ બાકી લેણાં	રૂા.૬૮,૬૩,૬૧૮.૯૫	રૂા. ૨૪,૬૭,૫૪૯.૫૬
૫	અનરીલીઝ્ડ /વ્યાજ/ચાર્જીસ	રૂા. 0.00	રૂા. ૧૭,૮૦૪.૫૦
૬	તા. ૩૦/૦૯/૨૦૨૬ સુધીનું લાગુ નહિ કરેલ વ્યાજ	રૂા. ૮,૩૩૯.૦૧	રૂા. ૨૩,૪૫૭.૧૮
૭	તા. ૦૧/૧૦/૨૦૨૬ ના રોજ કુલ બાકી રકમ (૩૦/૦૯/૨૦૨૬ સુધીનું વ્યાજ સહિત)	રૂા. ૬૮,૭૧,૯૫૭.૯૬	રૂા. ૨૫,૦૮,૮૧૧.૨૪

સુકયુરીટી કરાર મુજબ સુરક્ષિત કરેલ મિલકતની વિગતવાર વર્ણન– પ્રાથમીક જામીનગીરી : દેવાદાર નો પ્લાન્ટ અને મશીનરી અને દેવાદારની પેઢીનો અસ્થાયી સ્ટોક અને બુક ડેબ્ટસ જે કાર્યરત ઓફિસ/ રજી.ઓફીસ/ફેકટરી જે **પ્લોટ નં.૫૭ ઓલપાડ જીઆઈડીસી ઓલપાડ સુરત– ૩૯૫૫૪૦** ખાતે આવેલ છે. જેનો લોન એગ્રીમેન્ટ LDOC-144(B)" તા.૨૧/૦૬/૨૦૨૫ થી. **સમાંતર જામીનગીરી :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત **'શીવ કાર્તિક એન્કલેવ'** ના ૪થા માળે આવેલ ઓફીસ નં.એસ–૫ જેનું બિલ્ટઅપ એરીયા માપ ૧૬૧.૮૪ ચો.મી, આ બિલ્ડીંગની જમીનના પ્રમાણસર વણવહેચાયેલ મિલકતના ૮૨.૮૩ ચો.મી ના હિસ્સા સહિત ની જમીન ફાઈનલ પ્લોટ નં.૧૮– પ્રીલીમનરી ટી.પી..સ્કીમ નં.૬(વેસુ) રીવાઈઝડ સર્વે નં.૩૧૪, (રેવન્યુ સર્વે નં.૪૨૩) મોજે વેસુ, તા. મજૂરા (સુરત સીટી)જી. સુરત ખાતે **શ્રી ભાવેશ જીવરાજભાઈ પાનસુરીયા** ના નામે આવેલ છે. **જેની ચતુર્દિશા : ઉત્તર તરફ :** જોડેની ખુલ્લી જગ્યા, **દક્ષિણ તરફ :** જોડેની દુકાન નં.એસ–૫, **પૂર્વ તરફ :** જોડેની દુકાન નં.એસ–૪ **પશ્ચિમ તરફ :** જોડેની ખુલ્લી જગ્યા આવેલ છે.

ઉપરોક્ત સ્થાયી મિલકત'ઈન્સ્ટ્રુમેન્ટ રીલેટીંગ ટુ ડીપોઝીટ ઓફ ટાઈટલ ડીડ' **તા.૨૧/૦૬/૨૦૨૫** જેનું રજીસ્ટ્રેશન એસઆરઓ–સુરત ના સર્વે **નં.૯૨૭૧/૨૦૨૫** માં કરી ઉપરની ક્રેડિટ સુવિધાઓ માટે **બેંક ઓફ બરોડા, પુણાકુંભારિયા શાખા,** સુરત ખાતે મોર્ગેજ કરેલ છે.

તમે ઉપરોક્ત રકમ પર **તા.૦૮/૦૬/૨૦૨૬** ના રોજથી કરાર આધારિત વધુ વ્યાજચુકવવા માટે પણ જવાબદાર છો. સમગ્ર રકમ મુદત વીતી હોવાથી તમે વાર્ષિક @૨%લેખે સરળ ધોરણે સાદુ પેનલ વ્યાજ ચુકવવા માટે પણ જવાબદાર છો. મહેરબાની કરી નોંધ કરો કે બેંકે વાર્ષિક ૨%લેખે (સાદુ વ્યાજ) ધોરણે ગણતરી કરી દાવો કર્યો છે. સરળ ધોરણે કરેલ વ્યાજની ગણતરી શીટ આ સાથે સામેલ છે.

૨. તમે જાણો છો કે તમે **જૂન–૨૦૨૬** ના રોજ પુરા થયેલ મહિના અને ત્યારબાદ ચુકવણી માટે બાકી રહેલા જમા લોનના વ્યાજ/હપ્તાની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. **૩.** તમે કરેલ કસુર બદલ તમારો ટર્મ લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૨૭/૦૯/૨૦૨૬** ના રોજ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદતવીતી લોન રકમ અને તેના પરના વ્યાજ સહિત ચુકવ્યા નથી. **૪.** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો.ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી ખાતામાં બેંક પ્રત્યેની **રૂા.૯૩,૮૦,૭૬૯.૨૦/– (રૂપિયા ત્રાણું લાખ એંસી હજાર સાતસો ઓગણસીત્તેર અને વીસ પૈસા પુરા)** તા. ૦૧/૧૦/૨૦૨૬ **+ લાગુ નહી કરેલ વ્યાજ અને કાનુની અને અન્ય ખર્ચાઓ** ની જવાબદારી પેરા–૧ માં જણાવ્યા મુજબ આ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તારીખ સુધીની તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૫.** કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. **૬.** તમારૂ ધ્યાન આ ધારાની કલમ ૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૭. વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** **૮.** કૃપા કરીને નોંધ લેશો કે આ ડિમાન્ડ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

તા.૦૫/૧૦/૨૦૨૬ । સ્થળ: સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, પુણા કુંભારીયા શાખા.**

ટાઇટલ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના હરિપુરા ધીકાંટા રોડ, જે વોર્ડ નં.૫, નોંધ / સી.એસ.નં.૧૯૬૧ જેનું ક્ષેત્રફળ ૨૧૯.૯૦૨૧ ચો.મી., નોંધ/સી.એસ. નં.૨૦૭૦ જેનું ક્ષેત્રફળ ૦.૮૩૬૧ ચો.મી., નોંધ/સી.એસ. નં.૨૦૭૧ જેનું ક્ષેત્રફળ ૧.૬૭૨૩ ચો.મી.વાળી મીલકત તથા તેને લાગતા વળગતા તમામ હકકો સહિતની મિલકતના માલીક રસેશ જયંતિલાલ ચશ્માવાલા ચાલી આવેલા. સદરહુ મીલકતો પૈકી સીટી સર્વે નં.૧૯૬૧ વાળી મીલકતના અગ્રહકકધારીના વેચાણ દસ્તાવેજ નં.૨૩૨૬ તા.૨૧/૮/૧૯૪૩ અસલ તથા રજીસ્ટ્રેશન પાવતી પણ ગુમ થયેલ હોવાનું જણાવી તથા સદરહુ મીલકતો હેતલબેન ભાવેશભાઈ પટેલ અને ભાવેશભાઈ ઘનશ્યામભાઈ પટેલને વેચાણ આપવા નકકી કરેલ હોવાનું જણાવી, અમારી પાસે ટાઇટલ બાબતે અભિપ્રાય મેળવ્યા બાદ અમારા અસીલ બેંકમાં પ્રથમ ગીરો કરી નવા ખરીદનાર ધિરાણ મેળવવા માંગે છે. જેથી સદર મીલકત બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા વિગેરેના હકક અધિકાર હોય તો દિન-૭ માં લેખિતમાં જાણ કરવી. જો તેમ નહીં કરવામાં આવે તો હકક અધિકાર નથી અને હોય તો છોડી દીધા છે તેમ માનીને ખરીદનાર વેચાણ દસ્તાવેજ કરાવી લઈ લોન બાબતે આગળની કાર્યવાહી કરશે જેની તમામે જરૂરી નોંધ લેવી.

મિતેષ એમ. શાહ
જય એમ. શાહ
એડવોકેટ્સ

૬૧-૬૨, હરીશ નગર, ગ્રીન એન્કલેવ રો-હાઉસની સામે,
સરદાર પુલ નજીક, ગુજરાત ગેસ સર્કલ,
અડાજણ, સુરત ૩૯૫૦૦૯

ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીશ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ ઓલપાડ સબ ડીસ્ટ્રીકટના **મોજે ગામ ટકારમાના બ્લોક નં. ૯૨/બ/૨,** જેનું કુલ ક્ષેત્રફળ હે. ૦-૪૭-૬૧ આરે ચો.મી. જેના આકાર રૂા. ૬.૫૦ પૈસાવાળી ખેડખાતાની ખેતીની જુની શરતની જમીન પૈકી ઉત્તર દિશા તરફની હે. ૦-૨૩-૮૦ આરે ચો.મી. જમીન **કૃતિકા મંચકભાઈ પટેલની પત્ની તે વિનોદભાઈની પુત્રીનાં** સ્વતંત્ર નામે ચાલી આવેલ હોવાનું જણાવી તેઓએ સદરહું જમીન મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહું જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થા/બેંકના કોઇપણ જાતના લાગભાગ, હકક, હીત સંબંધ, દર-દાવાદુવીના પ્રકરણો, ચાર્જ, બોજા યા ખોરાકી પોષાકીના હકક, અધિકાર હોય તો તેવી બેંક, વ્યકિત કે સંસ્થાઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવાઓ સહિત અમો નીચે સહી કરનારને રૂબરૂ મળવું. જો તેમ કરવા કસુર યા ચુક થશે તો, સદરહું જમીનોમાં કોઇના કોઇપણ પ્રકારના રસ્તા વપરાશના કે ઇઝમેન્ટનો હકક, લાગભાગ, હકક, અધિકાર યા ખોરાકી પોષાકીના હકક અધિકાર નથી યા હોય તો વેઈવ યાને જતા કરેલ છે તેમ માની લઈ, અમારા અસીલ પાકા વેચાણ દસ્તાવેજ યા દસ્તાવેજો રજીસ્ટર્ડ કરી/કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની સ્પષ્ટ નોંધ લેશોજી.

ઓફિસ : એ/૧, જય જલારામ કોમ્પલેક્ષ,
પહેલા માળે, જલારામ મંદિરની બાજુમાં,
મેઈન રોડ ઓલપાડ, મુ.પો.તા. ઓલપાડ,
જી.સુરત. મો.નં.: ૮૩૪૭૨ ૨૬૩૩૭ | ૮૭૫૮૧ ૩૪૮૧૫ (તા. ૧૫/૧૦/૨૦૨૬)

ધ્રુવ આર. પટેલ
ઋષિલ આર. પટેલ
એડવોકેટ્સ

વેચાણ અંગેની જાહેર નોટીસ

ગુજરાત રાજ્યનાં ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ બારડોલીના **મોજે રુવા ગામનાં ખાતા નં. ૩૨૦, સર્વે નં. ૪૫, ૪૬/૧, જેનો બ્લોક નં. ૮૪/ક** કે જેનું જરાયત **ક્ષેત્રફળ ૦–૬૩–૭૩ ચો.મી. તથા પો.ખ. અ ક્ષેત્રફળ ૦–૦૧–૫૨ ચો.મી.** મળી કુલે ક્ષેત્રફળ **હે.આરે. ૦–૬૫–૫૨** ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીનનાં માલીક **મનીષભાઈ ઘનશ્યામભાઈ પટેલ** સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટેદાર, વહીવટ હેઠળની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે અમારા અસીલશ્રીને કિંમતી વેચાણ અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહું જમીનમાં કે તેના હિસ્સા ઉપર જો કોઈ વંશ, વાલી, વારસ, શખ્સ, બેન્ક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, લેણાં, બોજો, બાનાખત, ચીઠ્ઠી કે દર દાવો હોય યા સદર વેચાણ વ્યવહાર સામે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો તેમણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દીન-૭ માં તે અંગેના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખિત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી જો તેમ કરવામાં કસુર યા વિલંબ થશે તો સદરહું જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો લાગ-ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદ્દત વીત્યે અમારા અસીલ, સદરહું જમીન વેચાણ રાખવા અંગેની કાયદેસરની તમામ કાર્યવાહી કરી-કરાવીને સદરહુ મિલકતના પાકા લખાણ/દસ્તાવેજ કરી-કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી. (તા.૧૫/૧૦/૨૦૨૬)

વિશાલ વી. વઘાસીયા તે અસીલના એડવોકેટ
ઓફિસ : ૧૦૧, પહેલો માળ, ઉમા કોમ્પલેક્ષ, નિલકંઠ રેસીડેન્સી સામે, કામરેજ ગામ રોડ, કામરેજ, સુરત–૩૯૪૧૮૦. મો.૯૮૭૯૮ ૨૩૨૭૭

ટાઈકલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનુ કે, સુરત ડીસ્ટ્રીકટ, રજીસ્ટ્રેશન સબ–ડીસ્ટ્રીકટ શહેર સુરતના વાડીફળીયા, સ્ટોરશેરી વિસ્તારમાં આવેલ સીટી સર્વે વોર્ડ નં. ૯, નોંધ નં. ૫૮૬ થી નોંધાયેલી જમીન અમલા ઈમારત સહીત મીલકત કે જેનું જમીનનું ક્ષેત્રફળ સુમારે **૧૪૬.૦૦ સમ ચોરસ વાર યાને ૧૨૨.૦૭૫૦ સમ ચો.મી.** થાય છે. જે પૈકી ઉત્તર દિશાની અડધી મીલકત જેનું જમીનનું ક્ષેત્રફળ સુમારે ૬૧.૦૩૭૫ સમ ચોરસ મીટર થાય છે. જેનું બાંધકામનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૨૦૦.૪૭૨ ચો.મી. થાય છે. જે મીલકતના માલીક (૧) **શ્રી વિનોદભાઈ જશવંતલાલ જરીવાલા** વિગેરેની માલીકીની છે, તેવુ જણાવી તથા તેઓની મીલકતના નીચે મુજબના ઓરીજીનલ દસ્તાવેજો ખોવાયેલ છે, ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. મજકુર ગેરવલ્લે થયેલ દસ્તાવેજો અંગે કોઈ બેંક કે બેંક જેવી સંસ્થા, કે નાંણાકીય સંસ્થા યા કોઈ વ્યકિતનો હરકોઈ પ્રકારનો હકક, હિત, સંબધ, હિસ્સો, દરદાવો, લાગભાગ, બોજો યા ચાર્જ હોય તો તે અંગે કોઈ વ્યકિતને કે બેંક કે બેંક જેવી સંસ્થાને વાંધો યા રજુઆત હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન–૭ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહીત જાણ કરવી જો આ પ્રકારે કોઈના વાંધા યા રજુઆત ન આવે તો મુદૃત વીત્યે મજકુર મીલકત ઉપર ધિરાણ બાબતે કોઈ તરતકરાર નથી અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર હોય તો ત્યજી દીધી છે, તેમ સમજીને સદરહું મીલકતનો પાકો વેચાણ દસ્તાવેજ મારા અસલ કરાવી લેશે, જેની સંબધિત સર્વે નોંધ લેવી.

ખોવાઈ ગયેલા દસ્તાવેજોની વિગત

૧. વેચાણ દસ્તાવેજ નં. ૩૪૬૧, તાઃ ૨૫/૦૯/૧૯૭૯ ના રોજની ઓરીજીનલ આર.આર રસીદ તથા ઓરીજીનલ દસ્તાવેજ.

૨. વેચાણ દસ્તાવેજ નં. ૪૮૧૫, તાઃ ૦૧/૦૫/૧૯૯૧ ના રોજની ઓરીજીનલ આર.આર રસીદ.

હેકાણુ : એમ-૬, રેવાવાળા ચેમ્બર્સ,
કોટસફીલ મેઈનરોડ, સુરત.
મો.૯૮૨૫૦ ૫૨૯૫૪,
૯૯૯૮૪ ૮૦૦૫૯

મારી મારફત
મનસુખ જે. ચપડીયા-એડવોકેટ એન્ડ નોટરી
સંદીપ એમ. ચપડીયા-એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ

નીચે જણાવેલી મીલકત **શ્રીમતી રાગીણીબેન અનિલકુમાર શાહ,** રહે.: ફ્લેટ નં.: એ–૧૦૪, બ્લુ સ્પર્સ એપાર્ટમેન્ટ, પાલ સૌરભ પોલીસ સ્ટેશનની પાસે, પાલ, સુરતના પોતાની સ્વતંત્ર માલીકીની હોવાનું જણાવીને શ્રી મનીષ કિર્તીકુમાર દોશી, રહે.: ૪૦૫, મહાવીર રેસીડેન્સી, ઝોન ઓફિસ સામે, તાડવાડી ચાર રસ્તા, રાંદેર રોડ, સુરતનાને વેચાણ કરવા માંગે છે. તથા સદરહુ ખરીદનારા મજકુર મિલકત હમારી અસીલ બેંકમાં ગીરોમાં મુકવા માંગે છે. મજકુર મીલકત અંગેના અગાઉના વેચાણ દસ્તાવેજ નં.: ૧૧૪૦ તા.: ૦૫/૦૨/૨૦૦૦ ની અસલ નોંધણીની રસીદ હાલના માલિકથી ગેરવલ્લે મુકાય ગયેલ છે. મજકુર મિલકતનો ટાઈટલ કલીયર રીપોર્ટ હમારે આપવાનો છે. મજકુર અસલ નોંધણીની રસીદ નાં આધારે કોઈનાં કોઈપણ હકક–અધિકારો આ મીલકત ઉપર ઉભા થયેલા હોય કે મજકુર મિલકત ગીરોમાં મુકવા સામે કોઈને વાંધો યા તર–તકરાર હોય યા કોઈના પણ હકક–અધિકારો અન્ય રીતે હોય તો આ નોટીશ પ્રસિધ્ધીથી દિન ૭ (સાત) માં તેવા વાંધા–હકક–અધિકાર અંગેનાં પુરાવાઓ નીચે જણાવેલા સરનામે બતાવી જવા. મુદત દરમ્યાન કોઈનાં વાંધા વિગેરે આવશે નહિં, તો મિલકતનાં ટાઈટલ સંપૂર્ણ બોજા રહિત, ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું અને સદરહુ અસલ નોંધણીની રસીદ ખરેખર ગેરવલ્લે મુકાઈ ગયેલાનું માનીને તથા મજકુર મિલકત ગીરોમાં મુકવા સામે કોઈને વાંધો નથી કે કોઈનાં હકક–હિત નથી અને હોય તો જતા કરેલા છે, એમ સમજીને મિલકતનો ટાઈટલ રીપોર્ટ આપી દેવામાં આવશે. નોટીશના સમય બાદ કોઈનાં વાંધા યા હકક–અધિકાર ચાલશે નહિં, જેની નોંધ લેવી.

મિલકત :– સુરત ડિસ્ટ્રીકટ, અડાજણ સબ ડિસ્ટ્રીકટ, મોજે ગામ રાંદેર નાં રે.સર્વે. નં.: ૨૩૬ થી નોંધાયેલી જમીન કે જેને ટી.પી.સ્કીમ નં.: ૧૪ માં ફાયનલ પ્લોટ નં.: ૩૪ આપવામાં આવેલ છે, તે વિગની બિનખેતીની જમીનમાં બાંધવામાં આવેલ ॥ પટેલ પાર્ક ॥ ના નામથી ઓળખાતી બિલ્ડીંગના ચોથા માળ ઉપર આવેલ ॥ ફ્લેટ નં.: ૪૦૧ ॥ કે જેનું બિલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ સુમારે ૮૮.૩૪ સમ ચો.મીટર થાય છે, તે વિગતની મિલકત.

૦૭, ત્રીજો માળ, જે/૯ સેન્ટર, સ્ટાર બજાર પાસે,
અડાજણ ચાર રસ્તા, અડાજણ, સુરત.
સમય સવારે ૧૦ થી સાંજે : ૭

અસીલની સુચનાથી
જીજ્ઞેશ પી. પીસાદીયા એડવોકેટ એન્ડ નોટરી
દેવાંશી વી. બુંદેલા (એડવોકેટ)

જાહેર નોટીસ

મોજે સાદડવેલ, તા. ચીખલી, જી.નવસારીના સર્વે નં.૧૧૦૩, બ્લોક નં. ૧૭૨૨ વાળી જરાયતની સુમારે હે. ૦-૧૬-૧૯ ચો.મી., આકાર રૂા. ૦-૫૦ પૈસાવાળી, બીનખેતીના હેતુ માટે પ્રિમીયમને પાત્ર એવી ખેડ-ખાતાની જમીનના માલીક (૧) સમીરકુમાર ચંપકભાઈ પટેલ રહે : ૭/૪૫૨, કાળી વાડ, અપના બજાર પાછળ, વ્યારા, તા. વ્યારા, જી. તાપી તથા (૨) સોરઠીયા કાળભાઈ લાલજીભાઈ, રહે : ૧૬, સહયોગ પાર્ક સોસા-૨, અંબાતલાવડી, કતારગામ સુરતનાઓએ પોતાની સંયુકત અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટાની હોવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરી, બ્યાનું સ્વીકારેલ છે. સબબ, આ જમીનમાં કોઇનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો યા ઈઝમેન્ટ લીયન, ચાર્જ, બોજો, કબજો-ખેડ હકક, ગણોત હકક, ઈઝમેન્ટ હકક, રસ્તા વપરાશના હકક વિગેરેના હકકો હોય, તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ ની મુદતમાં, પોતાના હકક-દર-દાવા સંબંધી લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે જાણ કરવી. નહીંતર મુદત વિત્યે કોઇના હકકો નથી એમ માની અથવા તો તેવા તમામ હકકો તેઓએ જતા (વેવ) કર્યા હોવાનું શુધ્ધબુધ્ધિપુર્વક માની મારા અસીલ પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે. ત્યારબાદ, કોઈપણ તકરારને અવકાશ રહેશે નહીં. જેની આથી નોંધ લેવી.

૧૬, નિકુંજ સોસાયટી, કદમપલ્લી સામે,
ટીમલીયાવાડ, નાનપુરા, સુરત.
મો.નં.૯૮૨૫૫૬૬૧૫૦

મારી મારફત :
આશિષ એ. શાહ
તે ખરીદનારના એડવોકેટ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

ભટાર રોડ શાખા : પૂજા કિરણ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત – ૩૯૫૦૦૭ ફોન : ૯૧ ૨૬૧૨૨૪૧૨૩૬
Email : surbha@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે) [સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તાની રૂએ **તા.૨૯.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર /જામીનદાર **શ્રી કલ્પેશ કપુરચંદ પાટીલ (દેવાદાર અને ગીરવેદાર) શ્રીમતી કુસુમબાઈ કપુરચંદ પાટીલ (સહ–દેવાદાર અને ગીરવેદાર), શ્રી કપુરચંદ ઘનશ્યામ પાટીલ (સહ–દેવાદાર અને ગીરવેદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૧૨,૩૦,૫૬૦.૦૭/– (અંકે રૂા. બાર લાખ ત્રીસ હજાર પાંચસો સાઠ અને સાત પૈસા પુરા) વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ પરત ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર/ જામીનદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ હેઠળ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૧૩મી ઓકટોબર સને ૨૦૨૬**ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૨,૩૦,૫૬૦.૦૭/–** વત્તા વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ .

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે માધવ રેસીડેન્સી ની બિલ્ડીંગ નં.એ ના ૭મા માળ નો ફાઈનલ ફલેટ નં.૭૦૧, પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા માપ ૧૫.૯૨ ચો.મી સી.ઓ.પી અને રોડ જમીન રેવન્યુ સર્વે નં.૧૪૯/૧, બ્લોક નં.૨૨૨ તેનો માપ આશરે ૬૨૭૩ ચો.મી, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં.૬૨ (ડિંડોલી– ભેસ્તાન– ભેદવાડ), મુળ પ્લોટ નં.૨૬, ફાઈનલ પ્લોટ નં.૨૬ તેના માપ આશરે ૪૦૭૭ ચો.મી કુલ જમીન ફલેટ નું માપ આશરે ૭૮૩ ચો.ફુટ એટલે ૭૫.૫૮ ચો.મી રેરા મુજબ અને વાસ્તવિક કાર્પેટ એરિયા ૩૯૩ ચો.ફુટ એટલે ૩૬.૫૭ ચો.મી (૨.૨૨ ચો.મી બાલ્કની વરંડ અને વોશ એરિયા) મોજે ગામ.ડિંડોલી, સબ–ડિસ્ટ્રીકટ.ઉધના, જી–સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા **પુર્વે :** જોડેનો રોડ, **પશ્ચિમે :** દાદર,**ઉત્તરે :** જોડેનો રોડ, **દક્ષિણે :** ફલેટ નં.૭૦૨.

તા. ૧૩.૧૦.૨૦૨૬ । સ્થળ : સુરત **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ભટાર રોડ શાખા, સુરત**